બાળકો અને મોટેરાઓનો ફેવરીટ તહેવાર ઉત્તરાયણ હવે સાવ નજીકમાં છે. કોરોનાથી કંટાળેલા વસાહતીઓ આ વખતે ઉત્તરાયણની સંપૂર્ણ મજા માણવા ઉત્સાહી બન્યા છે. બજારોમાં વિવિધ પ્રકારના પતંગો જોવા મળી રહ્યાં છે. વિવિધ પ્રકારની દોરીઓ પણ બજારમાં મળી રહી છે. યુવાનો અને બાળકોએ તો અત્યારથી જ પતંગ-ફીરકી અને વિવિધ પ્રકારની એસેસરીઝની ખરીદી શરૂ કરી દીધી છે. સેક્ટર-૨૧, સેક્ટર-૬ અને સેક્ટર-૨૪ના પતંગ બજારોમાં ધીમે ધીમે ઘરાકી જામી રહી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે, મારા પર જો નહાવા માટે દબાણ કર્યું ને તો... માનવ - અધિકાર પંચમાં તારા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી દઈશ...!!

દિપડાના ડરથી ખેડૂતો ખેતરમાં પાણી વાળવા જતા નથી, પાકને પણ નુકશાન

ગાંધીનગર તા ૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ગામોમાં દિપડાના આંટાફેરાથી ગ્રામજનો અને ખેડુતોમાં ફફડાટ પ્રવર્તયો છે. દિપડાના ખોફથી ખેડુતો ખેતરમાં પાણી વાળવા પણ જતા નથી જેના લીધે ખેતરમાં ગાયો ઘુસી જતા ખેડુતોના પાકને પણ નુકશાન થઈ રહ્યુ હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. છેલ્લા ચાર પાંચ દિવસથી દિપડો આ વિસ્તારમાં દેખા દેતા રાત્રિના સમયે એકલ દોકલ આંટા ન મારવા સહીત ચાર થી પાંચ ગામોમાં એલર્ટ જારી કર્યુ છે. દિપડાને કેદ કરવા માટે પાંજરા મુકી દેવાયા છે. પરંતુ દિપડો પાંજરે ન પુરાતા વનતંત્રની કસરત અને ચિંતામાં વધારો થયો છે. દહેગામ તાલુકાના બહિયલ ગામ પાસે કેનાલ નજીકની ઝાડીમાં પ્રથમ દિપડો દેખાયા બાદ આસપાસના એક ફાર્મ હાઉસ તેમજ હોટલ રેસ્ટોરન્ટ પાસે પણ રાત્રિના સમયે દિપડાએ દેખા દીધી હતી જેના લીધે સ્થાનિકોમાં ભય પ્રવર્તયો હતો જયારે દિપડાને કમેરામાં પણ કેદ કરાયો હતો. આ વિસ્તારમાં દિપડો ફરતો હોવાનુ ધ્યાને આવ્યા બાદ વનતંત્રએ ફાર્મ હાઉસ તેમજ હોટલ નજીકના ઝાડી વિસ્તારમાં પાંજરુ પણ મુક્યુ છે. જયારે આસપાસના ગ્રામજનોને એલર્ટ પણ કર્યા છે. જો કે દિપડો ફરતો હોવાના લીધે ગ્રામજનોનો ભય વધ્યો છે. આવા સંજોગોમાં ગ્રામજનો રાત્રિના સમયે એકલા જતા પણ ડરે છે. વનતંત્રએ પણ રાત્રિના સમયે આંટા ન મારવા માટે જણાંવાયુ છે ત્યારે ખેડુતો પણ ખેતરમાં પાણી વાળવા જતા નથી. જેના લીધે રાત્રિના સમયે ખેતરમાં ગાયો સહીત રખઢતા ઢોર પણ ઘુસી જાય છે. આવા સંજોગોમાં પાકને નુકશાન થતુ હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે. દહેગામના ગ્રામ્ય વિસ્તારમાં દિપડાની હિલચાલ ગ્રામજનોમાં ચિંતા ઘેરી બની છે.

કોરોનાનો કહેર ભલે ઓછો થયો હોય પરંતુ હજુ સાવધાની જરૂરી છે. માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ વ્યાપકપણે થવા લાગ્યો છે. માસ્કમાં પણ હવે અવનવી ડિઝાઈન જોવા મળી રહી છે. બાળકો માટે વિવિધ પ્રકારના કાર્ટુનવાળા માસ્ક બજારમાં મળી રહ્યા છે.

ખૂણેખાંચરેથી

- રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય સુશ્રી ડૉ. રાજુલબેન દેસાઈ આજે ગાંધીનગરના પ્રવાસે હતા. તેમણે જેએનએલયુ કૉલેજ ખાતે જાતીય સતામણીના કેસો માટે યુનિવર્સિટીઓમાં સમિતિની રચના તાત્કાલિક કરવા માટે સેમિનારમાં ખાસ ભાર મૂક્યો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી જે.બી. વદર એલ.એલ.બી.-ની પરીક્ષા આપવા રજા પર જતા તેમના હોદ્દાનો ચાર્જ જિલ્લા આંકડા અધિકારી પ્રજાપતિને સોંપવામાં આવ્યો છે.
- બર્ડ ફ્લુ અંગે આજે રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ વિડીયો કોન્ફરન્સ કરી તંત્રને સતર્ક રહેવા સૂચના આપી હતી.
- પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારી મહાસંઘે આપેલ આંદોલનની ચીમકી પછી સરકારે ૧૧મી જાન્યુઆરીના રોજ કર્મચારી સંગઠ્ઠનના હોદ્દેદારોની બેઠક બોલાવી છે.
- ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે ૩ એડી. કલેક્ટર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.
- ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક સહાય આપવાના પડતર કેસોના ઝડપી નિકાલ માટે કડક તાકીદ કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રને તૈયાર કરવા માટેની કવાયતના ભાગરૂપે આજે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને શાખાધિકારીઓની બેઠક બોલાવી છે.
- બજેટને લઈ વિવિધ ખાતાઓની વિવિધ માંગણીઓ અને ફાળવણી માટે રાજયના નાણાંમંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પણ નાણાં વિભાગના અધિકારીઓ સાથે બેઠકો રાખી છે.

નશામાં ધુત યુવકોએ પેથાપુરની લાભ રેસીડેન્સીના પાર્કિંગમાં પેશાબ કરતા હોબાળો

ગાંધીનગર, તા.૭

પેથાપુર લાભ રેસીડેન્સી ખાતે નશામાં ચકચુર શખ્સોએ પાર્કિંગમાં પેશાબ કરતા હોબાળો થયો હતો. જેથી ફલેટવાસીઓ અને દારૂ પીધેલા શખ્સો વચ્ચે ગાળાગાળી અને અપશબ્દો બોલી બંધ કરી હતી. ફલેટમાં ૫ માં માળે રહેતા વસાહતીને ત્યાં દિકરીની બર્થ ડે પાર્ટીમાં યુવકો આવ્યા હતા. પોલીસને મારામારીની જાણ થતા ત્તાત્કાલીક લાભ રેસીડેન્સી ખાતે પહોંચી ગઈ હતી. પોલીસે તમામ દારૂ પીધેલા યુવકોને પકડી પાડી તેમની સામે મારામારી અને પ્રોહીબિશન એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વિગત મુજબ શ્રી લાભ રેસીડેન્સીના સી-૩૦૩ ખાતે રહેતા ભરતભાઈ નરસિંહભાઈ શ્રીમાળીએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે બુધવારના રોજ ફલેટના પાંચમા માળે રહેતા પપ્પુભાઈ યાદવની દિકરીનો જન્મ દિવસ હોવાથી તેમના ઘરે મહેમાનો આવ્યા હતા.સાડા દશ વાગે ભરતભાઈ ફલેટમાં આંટો મારવા માટે નીચે ઉતર્યા હતા. આ સમયે પપ્પુભાઈ અને ત્યાં આવેલા ચાર જેટલા શખ્સો પાર્કિંગમાં પેશાબ કરતા હતા. જેથી ભરતભાઈના પુત્ર સહિત ફલેટમાં રહેતા ચાર જેટલા યુવકોએ તેમને પેશાબ કરવાની ના પાડતા હોબાળો થયો હતો. આ સમયે પપ્પુભાઈ અને તેમના ભાઈ સંદિપ સહિતના વ્યકિતઓએ હોહા કરતા પાર્કિંગમાં આવ્યા હતા. નશામાં ધુત તમામ શખ્સો ગાળાગાળી કરીને ભરતભાઈ તેમજ યુવકોને મારવા લાગ્યા હતા.રાત્રીના સમયે ફલેટમાં છુટા હાથની મારામારી થતા નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થયા હતા.જયારે પેથાપુર પોલીસને માથાકુટની જાણ થતા ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે ઘટના સ્થળે થી લાભ રેસીડેન્સી ખાતે રહેતા સંદિપ રામ નેવલ, બડેલાલ મયારામ રવીદાસ, રમેશ અમરસિંગ સરોજ, રાજકુમારકલ્હય પાશી, રવી રાજકુમાર પાશી, શીવનારાયણ રામલખન પાશી, રામહીર્દય રામસુમેરે પાશી, રાજન મિસરીલાલ ધોબી, રાકેશ બુધરામ પાશી, પ્રદિપ હીર્દયપ્રસાદ પાશી, બનવારીલાલ રામેશ્વર પાસી, અડાલજ રહેતા સુરેશકુમાર સોમઈ સરોજ (ખડકીવાસ) તેમજ સોલા રહેતા દયાશંકર રામ ઉદીત રાવતને પકડી પાડ્યા હતા.પોલીસે પીધેલા યુવકોને દારૂ ક્યાંથી લાવ્યા તે અંગે પુછતા લાભ રેસીડેન્સી ખાતે જ દારુનો વેપાર ચાલતો હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે ધર્મેશ લાલસીંગ મુંડવાલા (રહે. લાભ રેસીડેન્સી) તેમજ વિજયસિંહ નટવરસિંહ વાઘેલા (નવાડેલા) પેથાપુરને પકડી પાડ્યા હતા. પોલીસને ફલેટની સામેની બાજુએથી પ્લાસ્ટીકની કોથળીમાંથી દારુની ૬ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે તમામ સામે મારામારી અને પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કેવડીયાના અત્યાધુનિક રેલવે સ્ટેશનનુ ૧૬મીએ ઈ-લોકાર્પણ

ગાંધીનગર, તા. ૭

કેવડીયા વૈશ્વિક પ્રવાસન ધામ બની રહ્યુ છે. કેવડીયા સુધી પ્રવાસીઓને આવવામાં આસાની રહે તે માટે કેવડીયાના નવા બનેલા રેલવે સ્ટેશનનુ ઈ-લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

સરદાર પટેલની સૌથી ઉંચી પ્રતિમા બનાવાઈ છે તે કેવડીયા હવે વૈશ્વિક પ્રવાસન ધામ બની રહ્યુ છે. કેવડીયાની આસપાસ અનેક નવા પ્રવાસન આકર્ષણો ઉભા કરાયા છે. નવા પ્રવાસન આકર્ષણોના કારણે પ્રવાસીઓનો ધસારો વધવા લાગ્યો છે. પ્રવાસીઓને સુગમતા રહે તે માટે કેવડીયા ખાતે નવુ રેલવે સ્ટેશન બનાવાયુ છે. વડોદરા અને કેવડીયા વચ્ચે બ્રોડગેજ લાઈન નાંખવામાં આવી છે. નવા રેલવે સ્ટેશન અને બ્રોડ ગેજનું કામ પુર્ણ થઈ ચૂક્યુ છે. આગામી તા.૧૬મી જાન્યુઆરીના રોજ કેવડીયા રેલવે સ્ટેશન અને મેટ્રો લાઈનનું ઈ-લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે. કેવડીયાની મુલાકાત માટે પરીવહનનો નવો માર્ગ ખુલતા અહીંના પ્રવાસનને વધુ વેગ મળશે.

દોરીથી ઘાયલ ''કપાસી''ને રેસ્ક્યુ કરાઈ

ઉત્તરાયણનું પર્વ આવી પહોંચ્યુ છે અને શહેરમાં પતંગ રસીયાઓ સમય મળતાં જ ધાબે ચઢી જવા લાગ્યાં છે. જો કે આ સાથે શહેરના ગગનમાં વિહરતા પક્ષીઓ માટે કપરો કાળ શરૂ થઈ ચુક્યો છે. ગુરૂવારે બપોરે શહેર નજીક ચિલોડા ખાતેથી એક શિકારી સમડી જે 'વ્હાઈટ ઓલ્ડર કાઈટ' તરીકે ઓળખવામાં આવે છે. જે ગુજરાતીમાં 'કપાસી'ના નામથી જાણીતી છે તે શેરીરથી ઘાયલ થવા પામી હતી જેને અપૂર્વ ચૌહાણ નામના યુવા બર્ડ રેક્સ્યુલરે બચાવી ગાંધીનગરના મનપાના વેટરનરી દવાખાને સ્નેહલ પ્રજાપતિ દ્વારા સારવાર આપવામાં આવી હતી ત્યારબાદ તેને વનતંત્રને સોંપી દેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણ ઠુકડી આવતા શહેરમાં દરરોજ ચારથી પાંચ બર્ડ ઈજ્જરીના કોલ આવવા શરૂ થઈ ગયાં છે જેમાં સૌથી વધુ કોલ કબૂતરના હોય છે.

પર્યાવરણ જાળવણીના પ્રયાસો માટે હવે સંઘ પણ મેદાનમાં

જળ સરંક્ષણ, વૃક્ષારોપણ અને પ્લાસ્ટિક-થર્મોકોલ્સના ઉપયોગ અંગે મર્યાદા જેવો ત્રિપાંખિયો પ્રયાસ હાથ ધરશે : મકરસંક્રાંતિ પછી રામ મંદિર નિર્માણ નિધિ અભિયાનનો પ્રારંભ : ભારત ઝડપથી આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યુ છે : ડો. કૃષ્ણ ગોપાલજી

ગાંધીનગર, તા. ૭

સમગ્ર ભારત પ્રસંશનીય રીતે આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે અને આગામી મકરસંક્રાંતિ પછી દેશભરમાં રામ મંદિર નિર્માણ નિધિ અભિયાન શરૂ કરી દેવાશે તેવુ આજે ઉવારસદ ખાતે ચાલી રહેલી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સમન્વય બેઠકના સમાપને સંઘના સહ સર કાર્યવાહ ડૉ. કૃષ્ણ ગોપાલજીએ જણાવ્યું હતું. આ સાથે તેમણે દેશભરમાં હવે સંઘ પર્યાવરણની જાળવણી માટે ત્રિપાંખિયો પ્રયાસ હાથ ધરશે જેમાં જળ સંરક્ષણ, વૃક્ષારોપણ અને પ્લાસ્ટિક-થર્મોકોલના ઉપયોગ પર મર્યાદાને વેગ આપવામાં આવશે. કિસાન આંદોલન મુદ્દે તેમણે સંવાદથી સકારાત્મક ઉકેલ આવશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તેના વિવિધ સહયોગી સંગઠ્ઠનોમાં કાર્યરત કાર્યકર્તાઓની ત્રણ દિવસીય અખિલ ભારતીય સમન્વય બેઠક ગાંધીનગરના ઉવારસદ ખાતે કર્ણાવતી યુનિવર્સિટી ખાતે તા. ૫મી થી તા. ૭મી જાન્યુઆરી દરમ્યાન આયોજિત કરવામાં આવી હતી. આજે આ બેઠકના સમાપન દિવસે પત્રકારોને સંબોધતા સંઘના સહ સર કાર્યવાહ ડૉ. કૃષ્ણગોપાલજીએ કોરોના કાળનો ઉલ્લેખ કરતા મહામારી સામે વિવિધ ક્ષેત્રના નાગરિકોએ આપેલી લડતને બિરદાવી હતી. આ સાથે તેમણે કોરોના સમયગાળા દરમ્યાન શાળાઓ બંધ રહેવાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ના પડે તે હેતુથી વિદ્યાર્થી પરિષદ દ્વારા મહોલ્લા પાઠશાળા અને ઓનલાઈન શિક્ષણ માધ્યમથી ૧૦ હજાર જેટલા સ્થળોએ બાળકોને ભણાવવાની વ્યવસ્થા કરી હોવાનું જણાવ્યુ હતુ અને આ કાર્યમાં હજારો શિક્ષકોએ તથા કાર્યકર્તાઓએ આપેલો યોગદાનને પણ બિરદાવ્યુ હતુ.

શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણના વિષય પણ ખૂબ જ મહત્વપૂર્ણ સ્થિતિમાં આવી ગયો છે. એક ભવ્ય મંદિર શીઘ્રતાથી બને તેને લઈને દેશ અને દુનિયામાં વાતાવરણ ઉભુ થયેલ છે. દેશભરમાં શ્રીરામ મંદિરના નિર્માણ હેતુ વ્યાપક સંપર્કનું કાર્ય થશે અને તમામ કાર્યકર્તાઓ દ્વારા શ્રીરામ મંદિરના નિર્માણ માટે ૫ લાખથી વધુ ગામોમાં ૧૦ કરોડથી વધુ ઘરોનો સંપર્ક કરશે. અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેને દરેક પરિવારો દ્વારા કઈને કઈ સહયોગ પ્રાપ્ત થશે. આ બેઠમાં પણ તેની ચર્ચા કરવામાં આવી હતી.

જે નવી શિક્ષણ નીતિ આવી છે તેની બધાયે સ્વાગત કર્યુ હતુ. આ ઉપરાંત અલગ અલગ વિષયો જેવા કે પર્યાવરણ, સંરક્ષણ, જળસંચય, વૃક્ષારોપણ અને પ્લાસ્ટિકથી છૂટકારો મેળવવાની દૃષ્ટિએ દેશમાં પર્યાવરણીય પ્રવૃત્તિઓનું કામ ઝડપથી વધી રહ્યું છે તેના પર વિચાર કરવામાં આવ્યો.

કુટુંબ પ્રબોધન અંતર્ગત સંસ્કારીત પરિવારોના નિર્માણમાં તથા સમરસ સમાજ માટે બધા કાર્યકર્તા પ્રાથમિકતાથી કાર્ય કરશે તે ધ્યાનમાં લેવુ જોઈએ કે ભેદભાવને દૂર કરવા માટે ઝડપી કાર્ય થવુ જોઈએ અને તે એક ભેદરહિત સમરસ સમાજનું નિર્માણ થવુ જોઈએ તેવો વિચાર થયો.

એક પ્રશ્નના ઉત્તરમાં ડૉ. કૃષ્ણ ગોપાલજીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે વર્તમાન કિસાન આંદોલનનો પરસ્પર વાર્તાથી શીઘ્રતાથી નિવેડો આવશે.

કેન્દ્ર દ્વારા માર્ગ સુવિધા માટે ૯૬૮.૫૧ કરોડની ફાળવણી

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં માર્ગ સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકારે અનેકવિધ પ્રયાસો કર્યા છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા પણ રાજ્યમાં માર્ગ સુવિધા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ. ૯૬૮.૫૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ પંચાયતીરાજ મંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમરનો રાજ્યના નાગરિકો વતી આભાર માનતાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કામાં ૧૭૧ માર્ગોના ૧૭૧૫.૪૯ કિ.મી. ના ગ્રામ્ય રસ્તાઓ કે જે હાલ ૩.૭૫ મીટરના છે તેને ૫.૫૦ મીટર પહોળા કરવા માટે રૂ.૯૬૮.૫૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

માઈક્રો ટનલિંગ પ્રોજેક્ટમાં ૩ કિમીની કામગીરી પૂર્ણ થઈ

અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં સીબીડી વિસ્તાર તરીકે જાહેર કરાયેલા આશ્રમરોડ પર વિકાસનો અંદાજ મૂકતા તેમજ આસપાસના વિસ્તારોમાં રિ-ડેવલપમેન્ટ સ્કીમોના અમલીકરણને જોતાં પાણી-ગટર સહિતની પ્રાથમિક સુવિધાને વધુ સારી બનાવવા માટે મ્યુનિસિપાલિટી દ્વારા આશ્રમરોડની નીચે માઈક્રો ટનલિંગ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આશ્રમરોડ પર વાડજ સર્કલથી શરૂ કરાયેલા માઈક્રો ટનલિંગ પ્રોજેક્ટમાં ૩ કિમીની કામગીરી પૂર્ણ કરાઈ છે અને ૧૪૦૦ એમએમ ડાયામીટરની પાઈપલાઈન પણ ગોઠવવામાં આવી છે. આ માઈક્રો ટનલિંગ પ્રોજેક્ટથી આશ્રમરોડની વર્તમાન ગટર લાઈન અથવા રિવરફ્રન્ટની ઈન્ટરસેપ્ટર લાઈનને કોઈ અસર થશે નહીં અને તેમાં આવતા ગટરના પાણીના જથ્થામાં કોઈ વધારો થશે નહીં. સૂત્રોના જણાવ્યા મુજબ, આશ્રમરોડ પર હાથ ધરાયેલા માઈક્રો ટનલિંગ પ્રોજેક્ટને ઓગસ્ટ સુધીમાં પૂરો કરીને કાર્યરત કરવા માટે ઝડપી કામગીરી ચાલી રહી છે. અમદાવાદના વાડજ સર્કલથી પાલડી મહાલક્ષ્મી પાંચ રસ્તા સુધી માઈક્રો ટનલિંગ પ્રોજેક્ટને આગળ જતાં રિવરફ્રન્ટ થઈ નવા બનનારા એસટીપીની સાથે જોડવામાં આવશે. એકવખત આ પ્રોજેક્ટ કાર્યરત થતાં પશ્ચિમમાં ગટર લાઈનને સંબંધિત પ્રશ્નોનો લગભગ ઉકેલ આવી જશે. જ્યારે શહેરના નરોડાથી નારોલ સુધીના પૂર્વ પટ્ટામાં ગટરના પાણીની સમસ્યા વિકટ છે અને તેમાં વધતા જતા વિકાસના પગલે આગામી વર્ષોના આયોજનના ભાગરૂપે નારોલ-નરોડા હાઈવે ઉપર પણ માઈક્રો ટનલિંગ પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે. નવા રિંગરોડ પર પણ મુખ્ય ગટરલાઈન નાખવામાં આવી છે અને રિંગરોડ ફરતા વિસ્તારોના ગટરના પાણી તેમાં ડાયવર્ટ કરવાની કામગીરી પણ ચાલી રહી છે.

સે. ૨૧માં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરતા પતંગ સ્ટોલથી ગ્રાહકો પ્રભાવિત

કોરોના મહામારીએ માત્ર પારિવારિક કે સામાજિક જનજીવન પર જ અસર નથી કરી પરંતુ પરંપરાગત રોજગાર-ધંધા વગેરેમાં પણ પરિવર્તન આણવા મજબૂર કર્યા છે. શહેરના સેક્ટર-૨૧માં માધ્યમિક શાળા પાસે એક પતંગ સ્ટોલધારકે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવા પ્રેરિત કરતો સ્ટોલ બનાવી ગ્રાહકોનું ધ્યાનાકર્ષિત કર્યુ છે. આ સ્ટોલમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવો, માસ્ક પહેરો, સેનેટાઈઝરનો ઉપયોગ કરો, સરકારની સૂચનાનું પાલન કરો જેવા સૂત્રો લખ્યાં છે એટલુ નહી ગ્રાહકો દૂરી જાળવી પતંગ ખરીદી કરે તે માટે વ્યવસ્થા કરી છે અને સ્ટોલમાં પતંગના માત્ર સેમ્પલ રાખ્યા છે. જે જોઈને ગ્રાહકો પસંદગી મુજબ ઓર્ડર આપે એટલે તેમના ઓર્ડર મુજબની કોડીઓ બાંધીને તેને સેનેટાઈઝ કરીને જ ગ્રાહકોને આપવામાં આવે છે. તેમની સલામતી માટેની આ પદ્ધતિ ગ્રાહકોને પણ પસંદ આવી રહી છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
મધુર ડેરી, 'ક' રોડ, ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ, જી.આઈ.ડી.સી., ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

ટેન્ડર નોટીસ

ઉપરોક્ત સંસ્થાના ડેરી તેમજ સંલગ્ન પ્લાન્ટમાં સિવિલ તેમજ ઈન્ટીરીયલ કામગીરી માટે આર્કિટેકની નિમણૂંક માટેના વાર્ષિક કોન્ટ્રાક્ટ અંગે ભાવપત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક સંસ્થાની ઓફીસમાંથી જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ તા. ૯/૧/૨૦૨૧થી તા. ૧૮/૧/૨૦૨૧ સુધી સવારના ૯-૩૦ થી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન રૂ. ૫૦૦૦ (નોન રિફંન્ડેબલ) રૂબરૂ રોકડા ભરીને મેળવીને તા. ૧૮/૧/૨૦૨૧ સાંજના ૪-૦૦ સુધીમાં સંસ્થામાં સીલબંધ કવરમાં જમા કરાવવાના રહેશે. ત્યારબાદ આવેલ ભાવપત્રક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર / ઓફર / ભાવ સ્વીકારવા કે ના સ્વીકારવાનો તેમજ સદર જાહેરાત કેન્સલ કરવાનો અબાધિત અધિકાર ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી